# જિલ્લામાં જન્માષ્ટમી પર્વ ઉજવવા માટે તડામાર તૈયારીઓ શરુ

### સારા વરસાદથી સર્વત્ર ખુશાલી જોવા મળી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

જન્માષ્ટમી પર્વ નજીક આવી રહ્યું છે ત્યારે જિલ્લાના મંદિરોમાં પર્વ ઉજવણી માટે અત્યારથી તડામાર તૈયારીઓ શરુ થઈ ગઈ છે. શામળાજી વિષ્ણુ મંદિર સહિત જિલ્લાના અનેક મંદિરોમાં જન્માષ્ટમી પર્વ ઉજવાશે. કોરોના પછી પ્રથમવાર પર્વમાં મોટી સંખ્યામાં મોટો જનસમુદાય ઉમટે તેવી સંભાવના છે. - પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે ચોમાસુ ગત વર્ષની સરખામણીએ સારું રહ્યું છે. જેથી ધંધા-રોજગાર ઉપર તેની સારી અસર જોવા મળી રહી છે. આજ રીતે વરસાદના રાઉન્ડ ચાલુ રહે તો આ વર્ષે બમ્પર ખરીફ ધાન્ય પાક થવાની સંભાવના છે. શ્રાવણ મહિનો શરુ થતાં હવે પર્વોની પણ શરુઆત થઈ છે. આગામી તા.૧૯ ઑગષ્ટના રોજ જન્માષ્ટમી પર્વ આવતું હોવાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વૈષ્ણવ મંદિરો સહિત અનેક રામજી મંદિર અને યોગેશ્વર પરિવાર દ્વારા જન્માષ્ટમી પર્વના આયોજન માટે અત્યારથી તબક્કાવાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરીનાના કારણે દેવમંદિરોમાં સાદગીપૂર્વક જન્માષ્ટમી પર્વની ઉજવણી થતી હતી પરંતુ આ વર્ષે કોરોના સંક્રમણ ઉપર એકંદરે અંકુશ જેવી સ્થિતિ છે. જેથી જિલ્લાના તમામ ૧`૦ થી વધુ ગામડાઓમાં જન્માષ્ટમી પર્વની ઉજવણીનો થનગનાટ જોવા મળી રહ્યો છે અનેક યુવાનો અને મહિલા મંડળો દ્વારા મટકીફોડ કાર્યક્રમો પણ આયોજીત કર્યા છે.

**જન્માષ્ટમી પર્વમાં શોભાયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમોની હારમાળા**

પવિત્ર શ્રાવણ માસ શરુ થતાં અત્યારે દેવમંદિરોમાં હિંડોળા દર્શનના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આગામી તા.૧૯ ઑગષ્ટ જન્માષ્ટમી હોવાથી ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની આસ્થા-ઉમંગ સાથે ઉજવણી કરાશે અનેક વિસ્તારોમાં જન્માષ્ટમી પ્રસંગે શોભાયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# પાલનપુરની હોસ્પિટલ નજીકથી ટડાવના યુવકનું કારમાં અપહરણ...

પાલનપુર એરોમા સર્કલ નજીકથી વાવના ટડાવના યુવકનું પાંચ શખ્સોએ કારમાં અપહરણ કર્યુ હતુ. યુવકના ભાઈએ મારામારીની ફરિયાદમાં લખાવેલું નામ કાઢી નાંખવા પાંચ શખ્સોએ અપહરણ કરી યુવકને મારમારી રૂપિયા ૫૦૦૦ અને મોબાઈલ ફોન પડાવી લઈ ટડાવ નજીક મોડીરાત્રે છોડી મુક્યો હતો. આ અંગે તેણે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, વાવ તાલુકાના ટડાવના શિવાભાઈ ગોવિંદભાઈ રબારીને ગામના ભુરાભાઈ રાજાભાઈ રાજપૂત, પીરાભાઈ નથાભાઈ રબારી, દલાભાઈ પીરાભાઈ રબારી, ભરતભાઈ પીરાભાઈ રબારી સાથે ઝઘડો થયો હતો. જેમાં શિવાભાઈને ગંભીર ઈજા થતાં પાલનપુરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની દેખભાળ માટે વણાભાઈ ગોવિંદભાઈ રબારી રોકાયા હતા. જ્યાં બુધવારે સાંજે કાર લઈને આવેલા પ્રવિણભાઈ રાજાભાઈ રાજપૂત, ભુરાભાઈ લક્ષ્મણભાઈ રાજપૂત તેમજ અન્ય બે અજાણ્યા શખ્સોએ વણાભાઈનું અપહરણ કર્યુ હતુ. અને ભુરાભાઈ રાજપૂતનું ફરિયાદમાંથી નામ પાછુ ખેંચી લો તેમ કહી મુઢમાર માર્યો હતો. તેમજ રૂપિયા ૫૦૦૦ અને મોબાઈલ ફોન પડાવી લઈ લઈ મોડીરાત્રે ટડાવ નજીક છોડી મુકયા હતા. આ અંગે વણાભાઈએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## ધનસુરા તાલુકામાં ભાજપ યુવા મોરચા દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાન અને હર ઘર તિરંગાને લઈ કાર્યક્રમ યોજાયો



ધનસુરા તાલુકા માં ભાજપ યુવા મોરચા દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાન તેમજ હર ઘર તિરંગાની વાત લોકો સુધી પહોંચાડી અને ૧૦ તારીખ એ ધનસુરા ખાતે તિરંગા બાઈક રેલી મા જોડાવા આહવાન કર્યુ હતું. આ કાર્યક્રમની અંદર અરવલ્લી જિલ્લા ના પ્રભારી વીજેશભાઈ યુવા મોરચાના પ્રમુખ પટેલ અમીશભાઈ, જિલ્લા યુવા મોરચાના મહામંત્રી અવધેશ ભાઈ પટેલ પ્રદેશ કારોબારી સભ્ય વિશાલભાઈ ગોર, પ્રદેશ કારોબારી સભ્ય જલ્પેશભાઈ પટેલ, અરવલ્લી યુવા મોરચાના ઉપપ્રમુખ પાવન ભાઈ પટેલ,ધનસુરા તાલુકા પ્રમુખ દુષ્યંત ચૌધરી, અક્ષય સોની, દર્શિત પંચાલ તેમજ યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

### વરસાદનો ત્રીજો રાઉન્ડ શરુ

# ઉત્તર ગુજરાતના ૪૦ તાલુકાઓમાં અડધા થી અઢી ઈંચ સુધી વરસાદ

**હજુ ભયંકર બફારો અનુભવાતો હોવાથી ભારે વરસાદની સંભાવના વધી**





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના ૪૭ પૈકી ૪૦ તાલુકાઓમાં અડધા થી અઢી ઈંચ વરસાદ વરસતાં તળાવ, ચેકડેમ અને જળાશયોમાં પાણીની ધીમી આવક નોંધાઈ છે. હજુ ભયંકર બફારો અનુભવાતો હોવાથી અનેક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના જોવાઈ રહી છે. ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારમાં ધારણા કરતાં પણ વધુ વરસાદના કારણે ખાસ કરીને ૬ તાલુકામાં લીલા દુષ્કાળનો ભય હાવિ થયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઉત્તર ગુજરાતની ધરતી ઉપર મેઘરાજાએ અપાર હેત વરસાવવાની શરુઆત કરી છે. શ્રાવણ મહિનામાં પણ પ્રારંભના સપ્તાહમાં ત્રીજા રાઉન્ડની શરુઆત થઈ છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં પાછલા ૨૪ કલાક દરમ્યાન કુલ- ૪૦ તાલુકામાં વરસાદની હાજરી જોવા મળી છે. તાલુકા મથકો કરતાં ઉત્તર ગુજરાતના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં સૂપડા ધારે ૩ થી ૫ ઈંચ વરસાદ વરસતાં અનેક ગામડાઓ આસપાસ ઘોડાપૂર જેવી સ્થિતિ જોવા મળી છે. અનેક ખેતરો ફરીથી બેટમાં ફેરવાઈ જતાં મગફળી, કપાસના પાકને નુકસાન થવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. આગામી ૪ દિવસ ઉત્તર ગુજરાતના કેટલાક દિવસોમાં ભારે વરસાદ વરસે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.

### ધનસુરાના અદલપુરાકંપામાં ડ્રોનથી કપાસના પાકમાં નેનો યુરીયાનો છંટકાવ

# અરવલ્લી જિલ્લામાં પ્રથમ વખત ડ્રોનનો પ્રયોગ કરાયો

**ઓછા ખર્ચે ખાતર, દવા છંટકાવની ખેડૂતોને માહિતી આપવામાં આવી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

અરવલ્લી જિલ્લામાં ખેતી ક્ષેત્રને અદ્યતન ડોન ટેકનોલોજીનો પ્રથમવાર ઉપયોગ કરી ધનસુરાના અદલપુરાકંપામાં કપાસના પાકમાં નેનો ટેકનોલોજી આધારીત યુરીયાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત ખેડૂતોને પ્રત્યક્ષ રીતે ઓછા ખર્ચ ખાતર, દવા છંટકાવની માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોની નજર સામે સૌ પ્રથમ ડ્રોનમાં નેનો યુરીયાનો જથ્થો ટેકમાં નાખી ડ્રોનને ખેતરમાં વાવેતર થયેલ પાક ઉપર છંટકાવ કરી સફળતાપૂર્વક પ્રયોગ પાર પાડવામાં આવ્યો હતો.



રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો ખેતી ક્ષેત્રે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરે તેવા પ્રયાસ કરી રહી છે. ઓછા ખર્ચમાં ખેડૂતોનું ખાતર તેમજ દવા છંટકાવનું કામ આસાનીથી થઈ શકે તે માટે હવે ડ્રોન દ્વારા નેનો ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં આ પ્રયોગ શરુ કરવામાં આવ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરાના અંદલપુરાકંપા ખાતે ગત રોજ જિલ્લા ખેતીવાડી અધિકારી પી.બી.પરમાર, મદદનીશ ખેતી નિયામક, વિસ્તરણ ખેતી અધિકારી કમલેશભાઈ તરાર તેમજ ઈફકોના અધિકારી કિશનસિંહ પરમાર વગેરેની ઉપસ્થિતિમાં ડ્રોનના માધ્યમથી કપાસના પાકમાં નેનો યુરીયાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમવાર જિલ્લામાં ડ્રોન ટેકનોલોજીના આધારે ખેતરમાં આ પ્રયોગને નજરે નિહાળવા માટે ૪૦ થી વધુ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા જેમાં ખેડૂતોને તજજ્ઞો દ્વારા ડ્રોનના ફાયદા સમજાવવામાં આવ્યા હતા. ડ્રોનથી ખેતમજૂર રાખવાની જરૂર રહેતી નથી અને દવા છાંટતી વખતે દવાની ઝેરી અસરથી પણ બચી શકાય છે. મજૂર દ્વારા નિંદામણ તેમજ ખેતરમાં ફરીને પાકની નજીક જઈ દવા છાંટવી પડે છે જેમાં ખાસ્સો સમય બરબાદ થતો હોય છે એટલે ઓછા ખર્ચ બહુ ટૂંકા સમયમાં ખેતીની જમીનમાં ફળદ્રુપતા વધારવા માટે ખાતરનો છંટકાવ કરવા ડોન ખૂબ ઉપયોગી થઈ શકે છે તે વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ડોન દ્વારા દવા છંટકાવમાં કુલ ખર્ચ ૫૦૦ રુ થતો હોય છે તે માટે રાજ્ય સરકાર ૫૦૦ રુ જેટલી સહાય આપી રહી છે. આ માટે ખેડૂતો ખેતીવાડી વિભાગની યોજનાનો લાભ લઈ શકે છે તેમ ગ્રામ સેવક દ્વારા સમજાવવામાં આવ્યું હતું.



## રાજ્ય સરકારોના બાકી વીજબિલ જાણ્યા પછી જનતાને જરૂર કરંટ લાગશે!!

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???**

બાયડ તા.૭

હમણાં હમણાંજ મોદી સાહેબે જે તે રાજ્યોની સરકારને જણાવ્યું કે વીજ ઉત્પાદક કંપનીઓને તેમજ કોયલા સપ્લાય કરતી કમ્પનીઓને રાજ્ય સરકારો બાકી ચુકવણું પૂરું કરે અન્યથા વિજકાપ માટે તૈયાર રહે!! એકબાજુ રાજ્ય સરકારો વીજ ઉત્પાદક કંપનીઓને હજારો કરોડોનું બિલ ચૂકવી શકતી નથી ત્યારે બીજી બાજુ વીજ બિલ માફ કરવાની જાહેરાત કરે છે!! આજે ભારતના મોટા ભાગના રાજ્યો વીજ ઉત્પાદન કરતી કમ્પનીઓના હજારો કરોડ રૂપિયા ચૂકવી શકતી નથી ત્યારે મફત વીજળી આપવાની જાહેરાત કરનાર સરકારના વહીવટ ઉપર પ્રજા શંકા કરી રહી છે... જે તે રાજકીય પક્ષને એવું લાગે છે કે આપણે વીજળી, પાણી, શિક્ષણ મફત આપીશું તો દેશની જનતા ખુશ થશે... પરંતુ એવું નથી અને મફતનું આપવા છતાંય જનતાના મનમાં પ્રશ્ન તો છે જ કે સરકાર આ હજારો કરોડો રૂપિયા ક્યાંથી ચૂકવસે? સરકાર તો માત્ર એક વહીવટ કરનાર સંસ્થા છે અને એક હાથે પૈસા લે છે અને બીજે હાથે સેવા આપે છે!!

કેજરીવાલ નામના એક નેતા આ યુગમાં જન્મ લે છે અને ભારત નામના રાષ્ટ્રમાં એક નવો ચીલો પાડે છે.... વીજળી તો મફત.... પાણી તો મફત... શિક્ષણ તો મફત.... મેડિકલ સેવા તો મફત.... અરે ભાઈ બધું મફત આપો છો તો એક કામ કરો હવે મોઢામાં અન્નનો કોળિયો પણ તમે જ મૂકી દો!! પ્રજા ને કાઈ જ કરવાની શુ કામ જરૂર છે?? કેજરીવાલ સાહેબ અહિયા શ્રીકૃષ્ણના કર્મવાદનું ખંડન કરતા નજરે પડે છે.... કેજરીવાલને ખબર નથી આ જગતમાં જ્યારે જ્યારે મનુષ્યમાં નિષ્ક્રિયતા આવે છે ત્યારે કોઈને કોઈ ઈશ્વરી શક્તિ જન્મ લઈને ફરીથી પ્રજામાં નવું જોમ ભરીને કર્મવાદને ઉભો કરે છે... માનવ સમાજમાં કર્મવાદ ઉભો કરવા માટે યુગે યુગે ખુદ ભગવાનને જન્મ લેવો પડયો છે અને તે પણ એટલા માટે કે ભૂતકાળમાં મનુષ્યને બધું મફત આપીને નિષ્ક્રિય બનાવવાનું પાપ કોઈને કોઈ કેજરીવાલ જેવા પુરુષોએ કરેલું છે...

આપ સૌ ગૂગલ કે યુ ટ્યુબ ઉપર સર્ચ કરીને જરૂર માહિતી મેળવી શકો છો કે મફત કે સબસીડી આપીને વીજળી આપવાથી રાજ્ય સરકારો કેટલા દેવામાં કે કર્જમાં ફસાઈ ગઈ છે!! આ બહૂજ ખોટું થઈ રહ્યું છે, મફત નહિ પણ સાચો અને ચોખ્ખો વહીવટ સરકાર દ્વારા થવો જોઈએ પણ ભ્રષ્ટાચાર મુક્ત વહીવટની વાત કેજરીવાલ જેવા નેતાઓએ અભેરાઈ ઉપર ચડાવી દીધી છે... માત્ર જાહેરાતો અને ખુશામત લેવામાં જે તે સરકારો પોતાની એનેર્જી ખર્ચ કરી રહી છે!! મહોલ્લા ક્લિનિક નામે દિલ્હી સરકારની યોજનાની જાહેરાત ખૂબ થઈ પણ હકીકતમાં દિલ્હીની મોટા ભાગની મહોલ્લા ક્લિનિકમાં ગધેડાં કે પશુઓ રાત્રી નિવાસ કરતા જોવા મળે છે!! તો આવી યોજનાઓ પ્રજાને મૂર્ખ બનાવવા માટે છે?? કેજરીવાલ સાહેબને જનતાના આરોગ્યની ચિંતા હોય તો ગુજરાતના ગામડાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેવી જોઈએ!!

"આપ" ની સરકાર હોય કે કોઈના "બાપ" ની સરકાર હોય પણ તે મફતમાં કંઈજ ના આપી શકે!! મફતમાં અને સબસીડીમાં વીજળી આપવાથી તામિલનાડુ, દિલ્હી, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને તેલંગાણા સરકારનો વીજ બોઝ કેટલો છે તે તૈયારીમાં જાણવું જોઈએ!! આ તમામ રાજ્યોની સરકાર ૫૦૦૦ થી ૧૫૦૦૦ કરોડનું દેવું જનતા ઉપર ચડાવી ચુકી છે.... શ્રીલંકાના માર્ગ ઉપર લઈ જનાર જે તે રાજ્યોની સરકાર જનતાની ગુનેગાર છે. દીકરાને બગાડવામાં અને ખોટી આદત પાડવામાં ગણીવાર બાપનું લાડ કે લાલન પોષણ ભાગ ભજવી જતું હોય છે... ભારતમાં મફત આપવાની અને પ્રજાને આળસુ બનાવવામાં કેજરીવાલ એક નવો ચીલો પાડી રહ્યા છે તેનું ગંભીર પરિણામ દેશની જનતાને ભોગવવું પડશે...કેજરીવાલ જોડેથી આ મુદ્દે જનતાએ જરૂર જવાબ માગવો રહ્યો !!

## અરવલ્લીમા ૧૫મી ઑગસ્ટની ઉજવણીની પૂર્વ સમીક્ષા બેઠક યોજાઈ

અરવલ્લી જિલ્લામા ૧૫મી ઑગસ્ટ સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગ રૂપે અગ્રસચિવ રાજેશ માંજૂએ પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી.અરવલ્લી જિલ્લામાં સ્વતંત્રતા પર્વની ઉજવણીની તડામાર તૈયારીઓ થઈ રહી છે. ૧૫મી ઑગસ્ટ રાજ્યકક્ષાના કાર્યક્રમની ઉજવણી અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે થવાની છે, અગ્રસચિવ રાજેશ માંજૂ અને તેમની ટિમ સાથે સમીક્ષા બેઠક અને સ્થળ મુલાકાત કરવામાં આવી.૧૪ અને ૧૫ ઑગસ્ટના કાર્યક્રમની તૈયારીઓ અને સંપૂર્ણ વ્યવસ્થાની તૈયારીઓની જરૂરી સૂચનાઓ આપવામાં આવી.

### દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવાણુ...

# પ્રાકૃતિક કૃષિ જન અભિયાનમાં માતૃશક્તિને જોડીને ગુજરાત રાજ્ય નવી ક્રાંતિનું સર્જન કરશે : રાજ્યપાલ

પાલનપુર તા.૭

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી જન આંદોલન સમિતિ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા પ્રાકૃતિક ખેતી મહિલા સંમેલનને સંબોધતા રાજ્યપાલે જણાવ્યું હતું કે, દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવાણુ છે. એટલું જ નહીં દેશી ગાયનું ગૌ- મૂત્ર ખનીજોનો ભંડાર છે. તેની મદદથી બનતા જીવામૃત અને ઘન જીવામૃત પ્રાકૃતિક ખાતર તરીકે જમીનને પોષણ આપે છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા



હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી જન આંદોલન સમિતિ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા પ્રાકૃતિક ખેતી મહિલા સંમેલનન યોજાયું હતું.

જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત જણાવ્યું હતું કે, ગુજરાતની મહિલાઓએ પશુપાલન ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિ દ્વારા પોતાના શક્તિ- સામર્થ્યને દર્શાવી આપ્યું છે ત્યારે પ્રાકૃતિક કૃષિ જન આંદોલનમાં માતૃશક્તિને જોડીને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિનું સર્જન કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડુતો સમૃધ્ધ બને અને ખેતી આત્મનિર્ભર બને તે માટે

અનેકવિધ પગલાં લીધાં છે. એટલું જ નહીં તેમણે પ્રાકૃતિક કૃષિ અપનાવવા દેશભરના ખેડુતોને આહવાન કર્યુ છે. સ્વતંત્રતા બાદ દેશની ખાદ્યાન્ન જરૂરીયાતની પૂર્તિ માટે રાસાયણિક કૃષિ દ્વારા થયેલી હરિત ક્રાંતિને એ સમયની આવશ્યતા છે.રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અંધાધુંધ ઉપયોગથી જમીન બંજર બની રહી છે અને રાસાયણિક કૃષિના દુષ્?પરિણામો સામે આવી રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પાછળ રાસાયણિક કૃષિ અને ઓર્ગેનિક કૃષિનો ૨૪ ટકા ફાળો હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. રાસાયણિક કૃષિને કારણે જળ- જમીન અને પર્યાવરણ પ્રદુષિત થયા છે. જમીનની ફળદ્રુપતા દિન-પ્રતિદિન ઘટતી જાય છે જેના કારણે ખેત ઉત્પાદન પણ સતત ઘટતું રહ્યું છે. પ્રદુષિત ખાદ્યાન્ન આરોગવાથી લોકો કેન્સર,




ડાયાબિટીસ જેવા અસાધ્ય રોગના ભોગ બની રહ્યા છે. રાસાયણિક કૃષિમાં ખર્ચ સતત વધતો રહ્યો અને ઉત્પાદન ઘટવાના કારણે ખેડુતોની આર્થિક સ્થિતિ નબળી પડી છે. પ્રાકૃતિક કૃષિમાં ઓછા ખર્ચે પુરતું ઉત્પાદન મળે છે જેથી ખેડુતોને આર્થિક ફાયદો થાય છે. પ્રાકૃતિક ખેતીની પધ્ધતિ સરળ છે. જેમાં દેશી ગાયના છાણ- ગૌમૂત્ર- બેસન- ગોળ અને માટીનું પાણીમાં મિશ્રણ બનાવી જીવામૃત તૈયાર કરવામાં આવે છે. આ જ રીતે ઘન જીવામૃત તૈયાર થાય છે જે ખેતી માટે પ્રાકૃતિક ખાતરનું કાર્ય કરે છે તેનાથી જમીનમાં સહાયકારી સૂક્ષ્?મજીવો અને અળસિયાં જેવા મિત્ર જીવોની વૃદ્ધિ થાય છે અને જમીન ફળદ્રુપ બને છે. અળસિયાં જેવા મિત્ર જીવોને ખેડુતો માટે આશીર્વાદરૂપ છે. ગણાવી પ્રાકૃતિક કૃષિથી આવા જીવોનીવૃદ્ધિ થાય છે. પ્રાકૃતિક કૃષિ જન અભિયાન સાથે ગુજરાતમાં બે લાખ ખેડુતો જોડાયા છે. આ પ્રસંગે રાજ્યપાલના વરદ હસ્તે સુભાષ પાલેકર પ્રેરીત પંચસ્તરીય મોડેલ ફાર્મ બનાવનાર મહિલા ખેડુતોનું સન્માન કરાયું હતું અને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના પાકૃતિક કૃષિકારોની સાફલ્યગાથા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સુભાષ પાલેકર ખેતી જન આંદોલન સમિતિના રાજ્ય સંયોજક પ્રફુલભાઈ સેજલીયા, બનાસકાંઠા જિલ્લા સંયોજક ભીખાભાઈ ભુટકા, આત્માના સ્ટેટ ડાયરેકટર પી.એચ.રબારી, બનાસકાંઠા જિલ્લા કલેકટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્રિલ ખરે, પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા સહિત દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં મહિલા ખેડૂતો ઉપસ્થિત રહી હતી.

# અરવલ્લી જિલ્લા પંચાયતના અનેક સમિતિઓના ચેરમેનમાં નારાજગીનો સૂર

**સંગઠનની વધતી દખલગીરી ક્યારે અટકશે, ધારાસભ્ય બનવાની મધલાળમાં "મહાશય" પક્ષ કરતાં પોતાને મહાન સમજવા લાગ્યા**

ગાંધીનગર, તા.૦૭

અરવલ્લી જિલ્લા પંચાયતના અનેક સમિતિઓના ચેરમેનમાં હવે વિધાનસભા ચૂંટણી નજીક આવતાં નારાજગીનો સૂર સામે આવ્યો છે. માત્ર દેખાડા પૂરતા ચેરમેન બનાવવા જેવી કેટલાકની સ્થિતિ છે અને રીમોટ કંટ્રોલ સંગઠન પાસે હોય તેવી સ્થિતિના કારણે અનેક નિષ્ઠાવાન પદાધિકારીઓ વાજ આવી ગયા છે અને હવે જાહેરમાં બડાપો કાઢી રહ્યા છે કે જિલ્લા પંચાયતના વહીવટમાં પણ સંગઠનની વધતી દખલગીરી કયારે અટકશે. ધારાસભ્ય બનવાની મધલાળમાં મહાશય પક્ષ કરતાં પોતાને મહાન સમજવા લાગ્યા હોવાનું અને તેમના અંધભક્તો તેમની વાહવાહ કરતા હોવાની પણ લોકચર્ચાઓ બાયપાસ રોડ ઉપર સંભળાઈ રહી છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં ગત વર્ષે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે ફતેહ મેળવી અને તે માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની લોકપ્રિયતાના કારણે કોંગ્રેસના ગઢ ગણાતા અરવલ્લી જિલ્લામાં ભાજપનું કમળ સોળે કળાએ ખીલી ઉઠ્યું હતું પરંતુ ધારાસભ્ય બનવાની મધલાળમાં આળોટતા એક મહાશય દ્વારા આ તો પોતાની વિરાટ લોકપ્રિયતા છે તેમ માની પાયાના કાર્યકરો સાથે પણ તુમાખી ભરી ભાષાઓમાં વાત કરવાની શરુઆત થઈ અને એક પછી એક અનેક તાલુકા અને સંગઠનોમાં જિલ્લા સંગઠનની મનમાની સામે રોષ પ્રવૃતિ રહ્યો છે. તાજેતરમાં બાયડ નગરપાલિકામાં અસંતોષનો ઉકળતો ચરુ સામે આવ્યો. સામાન્ય સભામાં એજન્ડાનો વિરોધ નહીં પરંતુ આગામી સભા સુધી મુલત્વી રાખવા માટે ચાર કામ પેન્ડીંગ કરાયા અને ભાજપના ૬ સભ્યોને સોકોઝ નોટીસ આપી ખુલાસા માંગવામાં આવ્યા છે. પરંતુ તે અગાઉ બાયડ નગરપાલિકાની કારોબારી સભામાં લોકહીતના પ્રશ્નો મુદ્દે ખુલ્લેઆમ વિરોધ કરનારા ભાજપના ૪ સભ્યોને સામે જિલ્લા સંગઠને કોઈ કાર્યવાહી ન કરતાં જિલ્લા સંગઠન કેવી રીતે કામગીરી કરવા માગે છે તે જ પાયાના કાર્યકરોને સમજાતું નથી. અને હવે અરવલ્લી જિલ્લા પંચાયતના અનેક સમિતિઓના ચેરમેનમાં પણ નારાજગીનો સૂર જોવા મળ્યો છે. એક સમિતિના ચેરમેને તેમના એક મિત્રને જણાવ્યું કે મારા વિભાગમાં ભરતી કરવાની હતી છતાં પણ સંગઠનના એક મહાશયે મને પૂછ્યા વગર કંઈ નહીં કરવાનું તેવી સૂચના આપ્યાની વિગતો હવે બહાર આવી ગઈ છે. જ્યારે બાયડ પછી હવે ભિલોડા તાલુકામાં પણ ભાજપના કાર્યકરોમાં રોષ સામે આવ્યો છે. રવિવારે ભાજપના શિસ્તબદ્ધ કાર્યકરે પોતાના વિસ્તારના પ્રાણપ્રશ્નોનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી રાજકીય ક્ષેત્રથી દૂર થઈ રહ્યાની સોશ્યલ મીડીયામાં વ્યથા ઠાલવતાં નિષ્ઠાવાન કાર્યકરને જિલ્લાભરના ભાજપના કાર્યકરને સમર્થન આપ્યું છે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનની મનમાની ઉપર લગામ કસવામાં નહીં આવે તો અનેક કાર્યકરો પક્ષની વિરૂદ્ધ તો નહીં જાય પરંતુ નિષ્ક્રિય થઈ જાય તેવી પૂરેપૂરી દહેશત છે.

**ભિલોડાના કાર્યકરની વ્યથા પ્રદેશ સુધી સંભળાશે ખરી ?**

કર ભલા હોગા ભલાના વાક્યથી જનજન સુધી લોકપ્રિયતા મેળવનાર એક કાર્યકરે રવિવારે અત્યંત દુઃખી થઈને સોશ્યલ મીડીયા ઉપર પોસ્ટ મૂકી છે કે મારા વિસ્તારનું જાહેરહીતનું કામ હું ન કરી શકું તો રાજનીતિમાં રહેવું મારા માટે વ્યર્થ છે. હું માત્ર રાજનીતિથી દૂર થઈ રહ્યો છું વિકાસ કાર્યોથી નહીં અને એમ છતાં પણ સફળતા નહીં મળે તો મારા ભોગે વિસ્તારને ફાયદો થશે તો હું મારો ભોગ પણ આપી દઈશ પણ હવે બસ થયું. ભિલોડા તાલુકામાં કોંગ્રેસ સૂર્ય મધ્યાહને હતો ત્યારથી જ ભાજપના આ કાર્યકરે કમળ ખીલવવા માટે તમામ તાકાત થોપી દીધી હતી પરંતુ વર્તમાન જિલ્લાના ભાજપના મુખીયા ગણાતા અમીચંદોએ આવા નિષ્ઠાવાન કાર્યકરને પણ ઠેકાણે પાડી દેવાનો ખેલ શરૂ કર્યાનું દિવસ દરમ્યાન ચર્ચાતું હતું.